દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬

# રાહુલ ગાંધીના નવા રૂપથી ભાજપમાં ગભરાટ ફેલાયો છે

લાંબા સમય સુધી ભાજપ રાજકીય વાર્તાપ્રવાહ નક્કી કરવામાં એકચક્રી શાસન ભોગવતો હતો. પરંતુ રાહુલ ગાંધીની તાજેતરની રેલીઓએ ભાજપના આ વર્ચસ્વને પડકાર્યો છે. રાહુલ ગાંધી પોતાની સભાઓમાં સામાન્ય જનતાને સ્પર્શતા મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. રાહુલ ગાંધી દેશના યુવાનો અને ગરીબોના મુદ્દા જેવા કે ગેસ સિલિન્ડરના ભાવ, પેટ્રોલ-ડીઝલના દરો અને શિક્ષિત યુવાનોની બેરોજગારીને સતત કેન્દ્રમાં રાખી રહ્યા છે. આર્થિક અસમાનતાઃ અમીર અને ગરીબ વચ્ચે વધતી જતી ખાઈ, તેમજ અમુક ચોક્કસ વ્યાપારી જૂથોને મળતા કથિત લાભો અંગે તેઓ અવાજ ઉઠાવી રહ્યા છે, જે ગરીબ અને મધ્યમ વર્ગને આકર્ષી રહ્યું છે. રાહુલ ગાંધીની રેલીઓનો સૌથી મોટો અને પ્રભાવશાળી મુદ્દો 'જાતિગત વસ્તી ગણતરી' બન્યો છે. ભારતની મોટાભાગની વસ્તી પછાત (OBC), દલિત અને આદિવાસી સમાજની છે. રાહુલ ગાંધી પોતાની રેલીઓમાં "જેટલી જેની વસ્તી, એટલો તેનો હક" (જિસકી જિતની હિસ્સેદારી, ઉસકી ઉતની ભાગીદારી) નો નારો આપી રહ્યા છે. ભાજપે હિન્દુ મતોના ધ્રુવીકરણ અને એકત્રીકરણ દ્વારા એક મોટો વોટબેંક તૈયાર કર્યો હતો. પરંતુ જાતિગત વસ્તી ગણતરીનો મુદ્દો ભાજપના આ 'હાર્ડ હિન્દુત્વ'ના સમીકરણને તોડવાની ક્ષમતા ધરાવે છે. ભાજપ માટે આ મુદ્દાનો વિરોધ કરવો કે સમર્થન કરવું – બંને સ્થિતિ રાજકીય રીતે મુશ્કેલ બની રહી છે. લાંબા સમય સુધી ભાજપના આઈટી સેલ અને નેતાઓએ રાહુલ ગાંધીને એક અનુભવહીન અને અગંભીર રાજકારણી ('પપ્પુ') તરીકે ચિતરવાનો કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પદયાત્રાઓ અને રેલીઓ દ્વારા રાહુલ ગાંધીએ પોતાની સહનશક્તિ અને જનતા સાથે સીધા જોડાણ કરવાની ક્ષમતા સાબિત કરી છે. તેમની સરળતા, લોકો વચ્ચે જઈને ભેટી પડવું, ખેડૂતો, મજૂરો અને વિદ્યાર્થીઓ સાથે સમય વિતાવવો એ બાબત આ બધી બાબતોએ તેમની જૂની છબીને સંપૂર્ણપણે ભૂંસી નાખી છે. હવે જનતા તેમને એક ગંભીર અને સત્તા સામે મજબૂતાઈથી ઊભા રહેતા મુખ્ય વિપક્ષી નેતા તરીકે જોઈ રહી છે, જે ભાજપની રણનીતિ માટે મોટો આંચકો છે. રાહુલ ગાંધી પોતાની દરેક રેલીમાં હાથમાં બંધારણની નકલ લઈને જનતા સમક્ષ જાય છે. તેઓ ભારપૂર્વક કહે છે કે દેશનું બંધારણ, અનામત અને સ્વાતંત્ર્ય સંસ્થાઓ (જેવી કે ઈડી, સીબીઆઈ, ચૂંટણી પંચ) જોખમમાં છે. આ મેસેજ ખાસ કરીને દલિત, શૂદ્ર અને આદિવાસી સમુદાયોમાં ઊંડે સુધી પહોંચ્યો છે. 'જો ભાજપને બહુમતી મળશે તો તે બંધારણ બદલી નાખશે' એવા ભય અને સંદેશને કોંગ્રેસ જનતા સુધી પહોંચાડવામાં સફળ રહી છે, જેના કારણે ભાજપને પણ વારંવાર સ્પષ્ટતાઓ કરવી પડી રહી છે. રાહુલ ગાંધીની રેલીઓમાં માત્ર કોંગ્રેસ જ નહીં પરંતુ અન્ય પ્રાદેશિક પક્ષોનું સમર્થન પણ જોવા મળી રહ્યું છે. વિપક્ષી દળો એકજૂથ થઈને ચૂંટણી લડી રહ્યા છે, જેના કારણે મત વિભાજન અટકી રહ્યું છે. જ્યારે વિપક્ષી ગઠબંધન મજબૂત બને છે, ત્યારે ભાજપ માટે જે બેઠકો પર ત્રિપાંખીયો જંગ થતો હતો તે બેઠકો પર હવે સીધી ટક્કર થાય છે, જે ભાજપ માટે મોટો પડકાર બને છે. રાહુલ ગાંધીની સભાઓમાં આવી રહેલી સ્વયંભૂ ભીડ ભાજપ માટે ચિંતાનો વિષય છે. સામાન્ય રીતે સત્તાધારી પક્ષો ભીડ એકઠી કરવા માટે સાધનોનો ઉપયોગ કરે છે, પરંતુ જ્યારે વિપક્ષની સભાઓમાં મોટી સંખ્યામાં લોકો અને ખાસ કરીને યુવાનો અને મહિલાઓ એકઠા થાય, ત્યારે તે સત્તાવિરોધી લહેર નો સંકેત આપે છે. આ જ કારણસર, ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કેબિનેટ મંત્રીઓએ રાહુલ ગાંધીના નિવેદનો પર તાત્કાલિક પલટવાર કરવો પડે છે. પહેલાં જે પક્ષ રાહુલ ગાંધીના નિવેદનોને નજરઅંદાજ કરતો હતો, તે હવે તેમના દરેક પ્રહારનો જવાબ આપવા મજબૂર બન્યો છે. રાજકારણમાં લોકશાહી ત્યારે જ જીવંત રહે છે જ્યારે મજબૂત સત્તાપક્ષની સાથે એક સશક્ત અને જાગૃત વિપક્ષ હોય. રાહુલ ગાંધીની રેલીઓ અને તેમના મુદ્દાઓએ ભારતીય રાજકારણમાં સ્પર્ધાત્મકતા પાછી લાવી છે. ભાજપની અકળામણ કે ચિંતા એ વાતની નથી કે કોંગ્રેસ રાતોરાત સત્તા પર આવી જશે, પરંતુ ચિંતા એ વાતની છે કે જે મુદ્દાઓ (જેમ કે હિન્દુત્વ, રાષ્ટ્રીય સુરક્ષા અને નરેન્દ્ર મોદીનો અપ્રતિમ ચહેરો) પર ભાજપ ચૂંટણીઓ જીતતું હતું, તે મુદ્દાઓની સામે હવે ગરીબી, જાતિગત અનામત, બંધારણ અને સામાજિક ન્યાય જેવા મુદ્દાઓ મજબૂતાઈથી ઊભા થઈ રહ્યા છે. રાહુલ ગાંધીની રેલીઓ સત્તાધારી પક્ષને પોતાની રણનીતિઓ પુનઃવિચારવા અને જનતાના મૂળભૂત પ્રશ્નો તરફ ધ્યાન આપવા મજબૂર કરી રહી છે. સૌથી મહત્વની વાત એ છે કે યુવાઓ રાહુલ તરફ આકર્ષાઇ રહ્યાં છે આજના ડિજિટલ યુગમાં જન્મેલી 'જેન ઝી' (Gen Z - ૧૯૯૦ના દાયકાના ઉત્તરાર્ધથી ૨૦૧૦ના દાયકાની શરૂઆત વચ્ચે જન્મેલી પેઢી) ભારતીય રાજકારણમાં એક નવો અને નિર્ણાયક પ્રવાહ બનીને ઉભરી આવી છે. આ પેઢી પરંપરાગત નારાઓ કે આંધળી ભક્તિને બદલે તર્ક, સમાનતા, રોજગાર અને વ્યક્તિગત સ્વતંત્રતાને વધુ પ્રાધાન્ય આપે છે. તાજેતરના સમયમાં આ યુવા પેઢીનો એક મોટો વર્ગ રાહુલ ગાંધી તરફ આકર્ષાઈ રહ્યો છે અને તેમને સમર્થન આપી રહ્યો છે, જે ભારતીય રાજકારણ માટે એક મોટો બદલાવ છે. આ સમર્થન પાછળના મુખ્ય કારણોમાં બેરોજગારી અને આર્થિક અનિશ્ચિતતા સૌથી મોટું છે. જેન ઝી ઉત્તમ શિક્ષણ મેળવ્યા બાદ પણ નોકરીઓની અછત અને મોંઘવારીનો સામનો કરી રહી છે. રાહુલ ગાંધી પોતાની રેલીઓ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ (જેમ કે યુટ્યુબ વ્લોગ્સ, પોડકાસ્ટ્સ) દ્વારા યુવાનોના આ જ દર્દને વાચા આપી રહ્યા છે. તેઓ ગીગ ઇકોનોમીના કામદારો, ડિલિવરી બોય્ઝ અને યુવા સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને મળીને તેમની સમસ્યાઓ સીધી રીતે સાંભળે છે, જે યુવાનોને આકર્ષે છે. બીજું મોટું કારણ સામાજિક ન્યાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. જેન ઝી વૈશ્વિક વિચારોથી પ્રભાવિત છે અને ભેદભાવ કે અસહિષ્ણુતા વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં માને છે. રાહુલ ગાંધી દ્વારા વારંવાર ઉઠાવવામાં આવતા બંધારણ બચાવો અને જાતિગત સમાનતાના મુદ્દાઓ આ યુવા વર્ગની વિચારધારા સાથે સુસંગત બેસે છે. સોશિયલ મીડિયા પર રાહુલ ગાંધીની બદલાયેલી, સંઘર્ષશીલ અને ડાઉન-ટુ-ર્થ ઇમેજ (જેમ કે ભારત જોડો યાત્રા દરમિયાનનો તેમનો દેખાવ) યુવાનોમાં તેમના પ્રત્યે આદર પેદા કરે છે. નિષ્કર્ષરૂપે, જેન ઝીનું રાહુલ ગાંધીને સમર્થન એ માત્ર કોઈ પક્ષ પ્રત્યેનો પ્રેમ નથી, પરંતુ તે વર્તમાન વ્યવસ્થા સામે યુવાનોનો અસંતોષ અને નવી આશાનું પ્રતીક છે. આ બદલાવ દર્શાવે છે કે આવનારી રાજકીય દિશા નક્કી કરવામાં આ નવી પેઢી માત્ર મૂક દર્શક નહીં રહે, પણ સક્રિય ભૂમિકા ભજવશે.

## હરિનું આસન



લાખો વર્ષ પહેલાં શ્રી હરિનો એક ભક્ત હતો. તે નિત્ય ભજન કીર્તન કરતો.તેના મનના ભાવ એટલા શુદ્ધ હતા, શબ્દો અને સૂરમાં એટલી ભક્તિ છલકાતી કે શ્રી હરિ પોતે રોજ તેનાં ભજન કીર્તન સાંભળવા આવતા. એક દિવસ ભક્તને સપનું આવ્યું. સપનામાં ભગવાન કૃષ્ણના દુખતા પગ દબાવતા દબાવતા ભક્તને ફરિયાદ કરવા લાગ્યા કે 'તું રોજ મારા ભજન કીર્તન કરે છે અને રોજ હું તે સાંભળવા આવું છું પણ ત્યાં મારા બેસવાનું કોઈ આસન નથી હોતું એટલે મારે ઊભા ઊભા જ ભજન સાંભળવાં પડે છે અને એટલે જો રોજ મારા પગ દુખે છે. હવે કાલે તું મને યોગ્ય આસન આપજે, જેના પર બેસીને હું ભજન સાંભળી શકું.''

ભક્ત મૂંઝવણમાં પડ્યો. બે ઘડી કંઇક વિચાર્યા બાદ તે બોલ્યો, ''વાહ પ્રભુ તમે મારા ભજન રોજ સાંભળવા આવો છો તે જાણી હું તો ધન્ય થઇ ગયો પણ ભજન તમારે ઊભા ઊભા સાંભળવાં પડે છે અને એટલે તમારા પગ દુખે છે. હું તમારી પીડાનું કારણ બન્યો. મારાથી ભક્તિ કરતાં પણ પાપ થઈ ગયું.હવે શું કરું અને તમને સુવર્ણ સિંહાસન પર બેસાડવા જોઈએ પણ એટલું મારું સામર્થ્ય નથી અને તમને થોડું નીચે જમીન પર બેસવાનું કહી શકાય.હવે હું શું કરું?'' આટલું બોલતાં ભક્તની આંખમાં આંસુ આવી ગયા.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

પ્રભુ ભક્તની દુવિધા પર મંદ મંદ મુસ્કુરાતા હતા ત્યાં લક્ષ્મીજી આવ્યા અને ભક્તને કહેવા લાગ્યા, ''વત્સ,પ્રભુને કહે કે બધા આસન તમને આપવા યોગ્ય નથી. મારી પાસે એક જ આસન છે, જે તમને હું આપી શકું તે છે મારું હૃદયકમળ. બસ જયારે જયારે હું ભજન ગાઉં ત્યારે ત્યારે તમે મારા હૃદયમાં બિરાજજો.'' ભક્તે લક્ષ્મીજીએ શીખવ્યું હતું તે પ્રમાણે શ્રી હરિને કહ્યું, ''કે પ્રભુ આપ મારા હૃદયમાં બિરાજજો.'' ભગવાન કૃષ્ણ બોલ્યા, ''ભક્ત, આજથી હું તને વચન આપું છું કે જયારે જયારે તું મારાં ભજન ગાઇશ ત્યારે ત્યારે હું તારા હૃદયમાં આવીને બિરાજીશ પણ એક શરત છે. તને જેણે આ શીખવ્યું તેમને કહેજે કે તેમને મારી પહેલાં તારા હૃદયમાં હાજર રહી મારું સ્વાગત કરવું પડશે.'' લક્ષ્મીજી પ્રગટ થયાં અને બોલ્યાં, ''પ્રભુ આપ ભોળા ભક્તની કસોટી કરી રહ્યા હતા એટલે મારે તેની મદદ કરવી પડી અને હા હું વચન આપું છું જયારે જયારે ભક્ત તમારાં ભજન ગાશે ત્યારે ત્યારે આપણી પહેલાં તેના હૃદયમાં આપને આસન આપવા હું હાજર રહીશ.''

બસ, ત્યારથી ભગવાન શ્રી હરિ પ્રેમભાવથી હરિકીર્તન કરતાં ભક્તોના હૃદયમાં બિરાજમાન રહે છે અને જ્યાં જ્યાં હરિભજન થાય છે ત્યાં ત્યાં મા લક્ષ્મીજી સદા હાજર રહે છે.

# બ્રાઝિલની સાર્વભૌમતા દાવ પર! લુલા સામે ટ્રમ્પ-સમર્થક હરીફનો પડકાર

**વર્લ્ડ વૉચ**



**ડૉ. જયનારાયણ વ્યાસ**

> **બ્રાઝિલની આગામી સરકારને બંને દેશો સાથેના સંબંધો જાળવવા, નિકાસ વધારવા અને પોતાનાં ઔદ્યોગિક હિતોનું રક્ષણ કરવા વચ્ચે સંતુલન સાધવું પડશે**

અમેરિકા સાથેના વેપારવિવાદથી લઈને ચૂંટણીમાં વિદેશી પ્રભાવના આરોપો સુધી બ્રાઝિલની રાષ્ટ્રપતિપદની ચૂંટણી હવે માત્ર સત્તાની લડાઈ નથી, પરંતુ દેશની વિદેશનીતિ અને રાષ્ટ્રીય સ્વતંત્રતાની ચર્ચાનું કેન્દ્ર બની છે.

કલ્પના કરો કે કોઈ શક્તિશાળી દેશ તમારી સરકારની નીતિઓથી અસંતુષ્ટ હોય, તમારાં ઉત્પાદનો પર ભારે આયાતવેરા લાદે અને તમારા દેશની ચૂંટણીમાં કોની જીત થવી જોઈએ તે અંગે પણ રાજકીય ખેંચતાણ શરૂ થાય ત્યારે તમારા દેશની સરકાર શું કરશે? આવો જ પ્રશ્ન અત્યારે બ્રાઝિલમાં ચર્ચાઈ રહ્યો છે. રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના વહીવટીતંત્રની નીતિઓ સામે વાંધો ઉઠાવી રહ્યા છે. બીજી તરફ, લુલાના હરીફ બોલ્સોનારો અમેરિકાનાં રાજકીય વર્તુળો સાથે નિકટતા ધરાવે છે. ૨૫ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારી ચૂંટણીના બીજા તબક્કા પહેલાં આ વિવાદે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ ધ્યાન ખેંચ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં સપ્ટેમ્બરમાં સંબોધન કરતી વખતે લુલાએ કહ્યું હતું કે બ્રાઝિલ કોઈ બીજા દેશના પ્રભાવ હેઠળ ચાલતો દેશ નથી. તેમનો સંદેશ સ્પષ્ટ હતોઃ બ્રાઝિલના ભવિષ્યનો નિર્ણય બ્રાઝિલનાં નાગરિકો કરશે. કોઈ વિદેશી શક્તિએ દેશની લોકશાહી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. લુલા આ ચૂંટણીને લોકશાહી અને વિદેશી દબાણ વચ્ચેની લડાઈ તરીકે રજૂ કરી રહ્યા છે.

અમેરિકાએ બ્રાઝિલનાં ઘણાં ઉત્પાદનો પર વધારાનો આયાતવેરો લાદ્યો હતો. આ પગલાંથી બંને દેશોના વેપારસંબંધોમાં તણાવ વધ્યો. લુલાનો આરોપ છે કે આ ટેરિફ માત્ર વેપારની નીતિ નથી, પરંતુ બ્રાઝિલના આંતરિક રાજકારણને અસર કરવાના પ્રયાસ સાથે પણ જોડાયેલા છે. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારોના પરિવાર પર અમેરિકી નેતૃત્વ સાથે મળીને બ્રાઝિલ પર દબાણ લાવવાનો આરોપ મૂક્યો છે.

આ વિવાદનું આર્થિક પાસું પણ મહત્ત્વનું છે. અમેરિકા અને ચીન બ્રાઝિલના સૌથી મહત્ત્વના વેપારી ભાગીદારોમાં સામેલ છે. બ્રાઝિલની આગામી સરકારને બંને દેશો સાથેના સંબંધો જાળવવા, નિકાસ વધારવા અને પોતાનાં ઔદ્યોગિક હિતોનું રક્ષણ કરવા વચ્ચે સંતુલન સાધવું પડશે.

૪ ઑક્ટોબરના પ્રથમ તબક્કામાં બોલ્સોનારોને લગભગ ૪૭% મત મળ્યા હતા, જ્યારે લુલાને લગભગ ૪૫% મત મળ્યા હતા. કોઈ ઉમેદવારને ૫૦%થી વધુ માન્ય મત ન મળતાં ચૂંટણી બીજા તબક્કામાં પહોંચી છે. લુલા આ ચૂંટણીને રાષ્ટ્રીય સાર્વભૌમતા અને લોકશાહીની રક્ષા તરીકે રજૂ કરી રહ્યા છે. બોલ્સોનારો અમેરિકાની સાથે વધુ નિકટના સંબંધો માટે જાણીતા છે. પરંતુ ચૂંટણીને માત્ર અમેરિકાતરફી અને અમેરિકાવિરોધી બે છાવણીઓમાં વહેંચીને જોવી અધૂરી સમજણ ગણાશે. મોંઘવારી, રોજગાર, ભ્રષ્ટાચાર, જાહેર સુરક્ષા અને આર્થિક વિકાસ પણ મતદારોના નિર્ણયમાં મહત્ત્વ ધરાવે છે. મતદાન પહેલાંના સરવેમાં બંને ઉમેદવારો વચ્ચેનો તફાવત બહુ ઓછો છે. અંતિમ નિર્ણય બ્રાઝિલનાં મતદારો કરશે. આ ચૂંટણીનો મોટો પ્રશ્ન એ છે કે બ્રાઝિલ વૈશ્વિક શક્તિઓ સાથેના સંબંધો જાળવતાં પોતાની નીતિઓની સ્વતંત્રતા કેવી રીતે જાળવશે? આ સવાલ માત્ર બ્રાઝિલનો નથી. આજના પરસ્પર જોડાયેલા વિશ્વમાં દરેક મોટા અને મધ્યમ અર્થતંત્ર સામે આ જ પડકાર છેઃ આંતરરાષ્ટ્રીય સહકાર પણ જાળવવો અને પોતાનાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ પણ કરવું.

ભારત માટે બ્રાઝિલની ચૂંટણીમાં બે મોટા પાઠ છે. પ્રથમ, કોઈ પણ દેશની વિદેશનીતિ માત્ર રાજદ્વારી નિવેદનો પર આધારિત નથી. વેપારવેરા, કુદરતી સંસાધનો, ઔદ્યોગિક રોકાણ અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચ જેવા મુદ્દાઓ પણ દેશની સ્વતંત્રતા અને આર્થિક નીતિઓને અસર કરે છે. બીજું, ભારતની જેમ બ્રાઝિલ પણ અમેરિકા અને ચીન જેવી મોટી શક્તિઓ સાથે સંબંધો જાળવવા માગે છે. અમેરિકા સાથેના સંબંધોમાં તણાવ હોય ત્યારે પણ વેપાર અને રોકાણનાં હિતો જાળવવાં જરૂરી છે. ભારત માટે આ ખાસ કરીને પ્રાસંગિક છે, કારણ કે ભારતીય અર્થતંત્ર પણ નિકાસ, ઊર્જા આયાત, ટેક્નોલોજી અને વૈશ્વિક સપ્લાય ચેઈન સાથે જોડાયેલું છે. કોઈ એક મોટા વેપારી ભાગીદાર પર અતિશય નિર્ભરતા ઘટાડવી અને વિવિધ દેશો સાથેના સંબંધોમાં સંતુલન જાળવવું વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## હિંમત અને સંઘર્ષની અનોખી સિદ્ધિ

ઝારખંડની કવિતા મડતોએ હિંમત અને સંઘર્ષનું એવું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે અનેક લોકો માટે પ્રેરણારૂપ બન્યું છે. પતિના નિધન બાદ પરિવારના ભરણપોષણની સંપૂર્ણ જવાબદારી તેમના પર આવી પડી. અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ તેમણે હિંમત હારી નહીં અને પોતાનાં સપનાં સાકાર કરવા સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો. હોમગાર્ડ પોલીસની ભરતીમાં સ્થાન મેળવવા માટે કવિતાએ ફાટેલી સાડી પહેરીને અને ખુલ્લા પગે 1600 મીટરની દોડ માત્ર છ મિનિટમાં પૂરી કરી પ્રથમ સ્થાન મેળવ્યું. તેમની આ સિદ્ધિ જોઈને અનેક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા, પરંતુ કવિતાના મનમાં માત્ર પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનો જુસ્સો હતો. જીવનમાં સુખસગવડોનો અભાવ અને પ્રતિકૂળ સંજોગો હોવા છતાં તેમણે મુશ્કેલીઓ સામે ઝૂકવાને બદલે હિંમતથી આગળ વધવાનું પસંદ કર્યું. તેમની આ દોડ માત્ર ભરતી માટેની દોડ નહોતી, પરંતુ પોતાના જીવન અને પરિવારને નવી દિશા આપવાની દોડ હતી. કવિતાની સફળતા શીખવે છે કે ગરીબી, અસુવિધાઓ અને મુશ્કેલીઓ કરતાં મજબૂત મનોબળ તથા અડગ સંકલ્પ વધુ મહત્ત્વનાં છે. તેમની હિંમત દેશની દરેક દીકરી અને સંઘર્ષ કરતા દરેક વ્યક્તિ માટે પ્રેરણારૂપ છે. જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવે, પરંતુ હિંમત અને આત્મવિશ્વાસ જાળવી રાખીએ તો સફળતાનો માર્ગ ચોક્કસ મળી શકે છે. કવિતાને તેમની આ સિદ્ધિ બદલ હૃદયપૂર્વક અભિનંદન!

**નવસારી - મહાદેવભાઈ રાઠોડ**

## ટ્રાફિક નિયંત્રણને બદલે દંડ વસૂલવાની દોડ!

દિવાળીના તહેવારો દરમિયાન સુરત શહેર અને જિલ્લામાં ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું છે. સુરત ઝડપથી વિકસતું શહેર હોવાથી નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને શહેરના મુખ્ય માર્ગો પર પીક અવર્સમાં ટ્રાફિકજામની સમસ્યા ગંભીર બની છે. સ્ટેટ હાઈવેના પાંચ કિલોમીટરના વિસ્તારમાં શાકભાજીના વેપારીઓ, પાથરણાવાળા, લારી-ગલ્લાવાળા અને રસ્તા પરનાં ગેરકાયદે પાર્કિંગને કારણે અડધો રસ્તો રોકાઈ જાય છે. આવી સ્થિતિમાં ટ્રાફિક પોલીસની પ્રથમ ફરજ રસ્તા પરથી અડચણો દૂર કરીને વાહનવ્યવહાર સરળ બનાવવાની છે. તેના બદલે ટ્રાફિકજામમાંથી મુશ્કેલીથી બહાર નીકળતા વાહનચાલકોને રોકીને ચેકિંગ કરવામાં આવે છે અને હેલ્મેટ ન પહેરવા બદલ રૂ. 500નો દંડ વસૂલવામાં આવે છે. હેલ્મેટના કાયદાના અમલના નામે ઉઘરાણી થતી હોવાની છાપ ઊભી થાય તે યોગ્ય નથી. ટ્રાફિક નિયંત્રણ માટે વધારાના કર્મચારીઓની વ્યવસ્થા કરીને રસ્તા પરની અડચણો દૂર કરવી જરૂરી છે.પોલીસની કામગીરીનાં અનેક પાસાં પ્રશંસનીય છે, પરંતુ કેટલાક કર્મચારીઓની કામગીરી ઉચ્ચ અધિકારીઓના ધ્યાનમાં ન આવતી હોય તેવું બની શકે છે. ગુજરાત મિત્ર દ્વારા પોલીસ સંભારણા દિવસ નિમિત્તે વિશેષ પૂર્તિ પ્રસિદ્ધ કરીને પોલીસની સારી કામગીરીને ઉજાગર કરવામાં આવી છે. એક જાગૃત નાગરિક તરીકે અમારી અપેક્ષા છે કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ સમસ્યાને ગંભીરતાથી લઈને યોગ્ય ઉકેલ લાવે, જેથી ટ્રાફિક નિયંત્રણને પ્રાથમિકતા મળે અને નાગરિકોની મુશ્કેલીઓ ઘટે.

**કીમ - પ્રાણજીવન સી પટેલ**

## પ્રી દિવાળી ઉજવવાનો ટ્રેન્ડ શરૂ થયો છે

અષાઢ વદ અમાસ એટલે કે દિવાસાના દિવસથી દિવાળીના આગમનની શરૂઆત થઈ જાય છે. દિવાસાથી લઈને દેવઉઠી એકાદશી સુધી દિવાળીના 100 દિવસ થાય છે. એટલે દિવાળીના સો દિવસ બાકી હોય ત્યારે દિવાસો કહેવાય! આ દરમિયાન હારબંધ તહેવારો આવતા હોય છે. દિવાસા પછી શ્રાવણ માસમાં રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા તહેવારો આવે છે. ભાદરવા માસમાં ગણેશ ચતુર્થીનો તહેવાર ઊજવાય છે. આ તહેવારો પૂરા થાય એટલે આસો માસમાં નવરાત્રિ આવે અને માતાજીનું આગમન થાય છે. નવરાત્રિના નવ દિવસ માતાજીની આરાધના થાય છે. યુવા હૈયાં હર્ષોલ્લાસથી નવરાત્રિના નવ દિવસ ગરબે રમે છે. ત્યાર બાદ તરત જ શરદપૂર્ણિમા અને ચંડી પડવો આવે છે. આ ઉજવણીમાં ડુમસ રોડ પર બેસીને પરંપરાગત ઘારી અને ભૂસું ખાવાનો રિવાજ છે. દિવાળી આવવાના બાકીના દિવસોમાં હવે પ્રી-દિવાળી ઊજવવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. મિત્રો, સગાંસંબંધીઓ, દીકરી-જમાઈ કે વેવાઈઓ ભેગાં થઈને ઘરમાં કે હોટેલમાં સાથે જમીને પ્રી-દિવાળી સેલિબ્રેશન કરવાનો લોકોને એવો ચસકો લાગ્યો છે કે દિવાળીના આગમનને હર્ષોલ્લાસ અને આનંદથી આવકારવા લોકો જીવનની તમામ સમસ્યાઓ ભૂલીને તહેવારોમય બની જાય છે. આમ, દિવાળીના તહેવારને આનંદ અને ઉત્સાહથી ઊજવવામાં આવે છે.

**સુરત - વિજય તુઈવાલા**

## વાંચનનું મહત્ત્વ

જીવનમાં સારું પુસ્તક અને અખબારનું વાંચન ઘણું જરૂરી છે. વાંચનથી માનસિક કસરત થાય છે. એક સારું પુસ્તક વાંચવાથી બીજાને સમજવાની શકિત પ્રાપ્ત થાય છે. મન શાંત,સ્થિર થાય છે. નિર્ણય લેવાની ક્ષમતા કેળવાય છે. વ્યવહાર કુશળતા વધે છે. યાદશકિતમાં વધારો થાય છે. શબ્દ ભંડોળ વધે છે. જે લોકો વાંચે છે તે દુનિયાને નવા દ્રષ્ટિકોણથી જુએ છે. વાંચન આપણને દુનિયા પ્રત્યે જાગૃત બનાવે છે. વાંચવાની આદત બોલવા અને સમજવા પર અસર કરે છે. જે લોકો વાંચે છે તે આગળ વધે છે,સંસ્કારી બને છે. વાચવું એ વધુ સારું જીવન જીવવાની, દુનિયાને વધુ નજીકથી સમજવાની એક રીત છે. વાંચન એકાંતના સૌથી મોટા સુખોમાંનું એક છે. વાંચવાની આદત જ્ઞાન,ક્ષમતા અને સામાજિક યોગદાન ત્રણેયને મજબૂત કરે છે. વ્યકિત પુસ્તકો ખરીદીને વાંચે તો વધુ સારું પરંતુ ખરીદી શકાય તેમ ન હોય તો લાઈબ્રેરીના સભ્ય બની પુસ્તકો વાંચી શકે છે. અખબારનું વાંચન માણસને રોજબરોજના બનાવો અને નવી શોધોથી અવગત રાખે છે,માનસિક રીતે માણસને અપડેટ રાખે છે.

**સુરત - પ્રવિણ પરમાર**

## શિક્ષણની નરી વાસ્તવિકતા

ગુજરાતમાં શાળામાં પ્રવેશ કરતાં પહેલાં રજિસ્ટરમાં સહી કરવી અને મુખ્ય શિક્ષકની પરવાનગી લેવી યોગ્ય છે. પરંતુ કોઈ જાગૃત નાગરિક શાળામાં પ્રવેશ કરીને શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરે અને તંત્ર પોતાની નિષ્ફળતા ઢાંકવા તેને બિનઅધિકૃત જાહેર કરીને તેની સામે કેસ કરે, તો તે લોકશાહી માટે ચિંતાજનક છે. થોડા સમય પહેલાં CJP દ્વારા ચલાવવામાં આવેલા 'સ્કૂલ ઠીક કરો' અભિયાનથી શિક્ષણની નરી વાસ્તવિકતા સામે આવી હતી. ગુજરાત સરકારે પરિપત્ર જાહેર કરીને બિનઅધિકૃત નાગરિકોની વ્યાખ્યા સ્પષ્ટ કરવી જોઈએ. શિક્ષણ નબળા માણસને મજબૂત બનાવી શકે છે, પરંતુ ભ્રષ્ટાચાર શિક્ષણવ્યવસ્થાને ખોખલી બનાવી શકે છે. સાચી પરિસ્થિતિ બતાવનાર નાગરિકને હેરાન કરીને તેને ચૂપ કરવાનો પ્રયાસ થાય, તો સુધારાની શક્યતાઓ પર પાણી ફરી વળે છે. શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્ત્વના વિભાગોમાં નાગરિકોને વાસ્તવિક પરિસ્થિતિ જાણવાનો અને તેને રજૂ કરવાનો અધિકાર મળવો જોઈએ. આ લોકશાહીની સાચી તાકાત છે. પરવાનગીના નિયમોનો ઉપયોગ તંત્રની નિષ્ફળતા ઢાંકવા કે જાગૃત નાગરિકો પર દબાણ લાવવા માટે ન થવો જોઈએ. સરકારે પરિપત્રમાં સ્પષ્ટતા કરવી જોઈએ કે નિયમોનું પાલન કરીને જનહિતમાં હકીકત રજૂ કરનાર નાગરિકને માત્ર સવાલો ઉઠાવવા બદલ બિનઅધિકૃત ગણાવી શકાય નહીં. તંત્રની જવાબદારી સત્યને દબાવવાની નહીં, પરંતુ ખામીઓ દૂર કરવાની છે. લોકશાહીમાં આલોચના અને પારદર્શિતા જ શિક્ષણવ્યવસ્થાને સુધારવાનો સાચો માર્ગ છે.

**સુરત - હરીશ ચૌધરી**

# અરુણાચલ પર ચીનની કુદૃષ્ટિ યથાવત

**યે મેરા ઈન્ડિયા**

**વિન્સી મરચન્ટ**

> **એક દિવસ અગાઉ ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસના વડા, ડિરેક્ટર જનરલ શત્રુજિત સિંહ કપૂરે સત્તાવાર રીતે ફોડ પાડ્યો છે કે અરુણાચલમાં ચીન-ભારતની સરહદે અગાઉની માફક ઘર્ષણો ચાલુ જ છે**

ગલવાન ઘાટીમાં ખૂની ચકમકનાં સાત વરસ બાદ ચીનના પ્રમુખ શી જિનપિંગ આજથી લગભગ દોઢેક મહિના અગાઉ ભારત આવ્યા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સકારાત્મક વાટાઘાટો યોજાઈ. બંને નેતાઓએ એ બાબત પર ભાર મૂક્યો કે, 'ભારત અને ચીન બંનેએ એકમેકને હરીફને બદલે ભાગીદાર તરીકે જોવા જોઈએ.' નરેન્દ્ર મોદીએ એ પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે દ્વિપક્ષીય સંબંધો સામાન્ય અને મૈત્રીપૂર્ણ બને તે માટે સરહદ પર શાંતિ જળવાઈ રહે તે અનિવાર્ય છે. સંબંધો સ્થિર અને સાતત્યપૂર્ણ બને તે માટે સરહદના વિવાદના નિરાકરણ માટે હાલમાં જે સમજૂતી થઈ છે તેને નિષ્ઠાપૂર્વક વળગી રહેવું જોઈએ.

માત્ર દોઢ મહિનામાં ધાર્યાં પરિણામો ન આવે તે સ્વાભાવિક છે. સમજૂતી મુજબની ઘણી વ્યવસ્થાઓ, જેમ કે બંને દેશો વચ્ચે વિમાનોની સીધી અવરજવર, હજી શરૂ થઈ છે. તેનાં સારાં પરિણામો મળી રહ્યાં છે. એટલે અત્યારથી જ સમજૂતી નિષ્ફળ ગઈ છે તેમ કહી ન શકાય. પરંતુ સરહદ પરથી જે સત્તાવાર સંદેશાઓ અને સમાચારો મળી રહ્યા છે તે શાંતિને બદલે વ્યગ્રતા ફેલાવે છે.

એક દિવસ અગાઉ ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસના વડા, ડિરેક્ટર જનરલ શત્રુજિત સિંહ કપૂરે સત્તાવાર રીતે ફોડ પાડ્યો છે કે અરુણાચલમાં ચીન-ભારતની સરહદે અગાઉની માફક ઘર્ષણો ચાલુ જ છે. લાઇન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ પર ચીની સૈનિકો સાથે ભારતીય સૈનિકોની ચકમક ઝરે છે અને રોજના ધોરણે ઝરે છે. કપૂરે કહ્યું કે જે શૌર્ય કમાન્ડોની ટુકડીઓ તૈયાર કરવામાં આવી છે, તે ચીની પેશકદમી સામે સફળ લડત આપી રહી છે. ટૂંક સમયમાં શૌર્ય કમાન્ડોની પૂરી બટાલિયન ઊભી કરાશે. શ્રી કપૂરે ચીન સામે લડવા આધુનિક તૈયારીઓ કરવાની પણ હિમાયત કરી છે.

સૈન્ય કે પોલીસના અધિકારીઓએ આ રીતે અચાનક નિવેદન ન આપવું જોઈએ. વાસ્તવિક સ્થિતિથી પહેલાં સરકારને વાકેફ કરવી જોઈએ, કારણ કે સૈન્યના અધિકારીઓ પાસે માત્ર સરહદ પરના ઈનપુટ્સ અથવા વિગતો હોય છે. રાજદ્વારી વિગતો હોતી નથી, જે સરકાર પાસે હોય છે. અલબત્ત, સૈન્ય પાસે જે માહિતી હોય તે સૌથી વધુ મહત્ત્વની હોય છે. સાથે રાજદ્વારી માહિતી પણ સ્થિતિના યોગ્ય આકલન માટે જરૂરી હોય છે. જો સરકારને વિગતો પહોંચાડવા છતાં સમયમર્યાદામાં કોઈ પ્રતિક્રિયા જોવા ન મળે, તો અધિકારીએ દેશહિતમાં એ વિગતો અવશ્ય જાહેર કરવી જોઈએ. ઘણી વાર જોવા મળે છે કે ચીનને પસંદ ન હોય એવા રાજદ્વારી, હાલના સંદર્ભમાં અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો, ભારતમાં આવે છે ત્યારે આવાં કોઈક લંગરિયાં નિવેદનો ક્યાંકથી આવી પડે છે.

શ્રી કપૂરે યુદ્ધની આધુનિક પ્રકારની તૈયારીઓ કરવા સરકારને ભલામણ કરી છે. આવી સંવેદનશીલ બાબતમાં સરકાર લાપરવાહ નથી, પરંતુ વધુ સક્રિય છે. ચીન તરફથી વધુ આડોડાઈ થતી હોય તો તેનાં કારણોમાં ભારત સરકારની આ સક્રિયતા પણ છે. સરહદો પર ભારત આવનજાવન અને લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટનું મજબૂત માળખું સ્થાપે તે ચીનને બિલકુલ માફક આવતું નથી. અત્યાર સુધીની ભારતની સરકારો ચીનને નારાજ ન કરવાના આશયથી અને ચીન ઉશ્કેરાઈ જવાના ભયથી સરહદો પર આજનાં શસ્ત્રસરંજામને અનુરૂપ વિકાસ ટાળતી હતી. ભારતના એ વલણે ચીનને વધુ ને વધુ ધાક જમાવવાની તક અને પ્રેરણા આપી હતી. 2019માં ભારતે વળતો પ્રહાર કરીને સંદેશો આપ્યો કે આ દાદાગીરી હવે લાંબી નહીં ચાલે. પોચું હોય તો સૌ આંગળી ખૂંપવા આવી જાય, જે રીતે કોંગ્રેસના શાસનમાં મુસ્લિમ ત્રાસવાદીઓ આવી જતા હતા. કેટલીક સ્થિતિઓ એવી હોય છે કે તેનો તત્કાળ નિવેડો આવતો નથી.

અરુણાચલ પ્રદેશ અને ચીનની સરહદ જ્યાં મળે છે ત્યાંથી દસ કિલોમીટર અંદર ઝેમિથાંગ નામનું ગામ છે. ચીન ભારતના જે પ્રદેશ પર પોતાનો હોવાનો દાવો કરે છે એ પ્રદેશના મધ્યમાં આ ગામ છે. અહીંનું રોજબરોજનું સામાન્ય જનજીવન ભારતીય છે. લોકો હિન્દીમાં વાતચીત કરે છે. હિન્દી ફિલ્મોનાં ગીતો ગાય છે અને સાંભળે છે. ભારતીય તિરંગો અનેક સ્થળોએ અને ઘરો પર ફરકાવેલો હોય છે. પરંતુ અહીં ક્યારેક આડકતરી રીતે ચીનની હાજરી અને દખલગીરી શરૂ થઈ જાય છે. ઝેમિથાંગ ગામ અને આસપાસના લોકોના સેલફોન પર અચાનક ચીનનો સમય દેખાવા લાગે છે, જે ભારતના સમય કરતાં અઢી કલાક આગળ હોય છે. ગામના લોકોના ફોનમાં ભારતીય કંપનીનું નેટવર્ક અટકી જાય છે અને અચાનક ચીની નેટવર્ક શરૂ થઈ જાય છે. ડીશ ટીવી ઍન્ટેના બાબતે પાકિસ્તાન અને ભારતની સરહદે પણ આવું થાય છે, પરંતુ તે પાકિસ્તાનીઓની ઈચ્છાથી થાય છે, જેઓ ભારતીય ચૅનલો જોવા માગે છે.

સરહદની સામે પાર ચીને પણ સૈન્ય માટેની માળખાકીય સુવિધાઓ બાંધવામાં કશી કમી રાખી નથી. અરુણાચલ પ્રદેશમાં વીસ લાખની વસ્તી છે. ચીન તેને દક્ષિણ તિબેટનો હિસ્સો ગણાવે છે અને ઝંગનાન તરીકે ઓળખે છે. 1962માં ભારત-ચીન વચ્ચેના યુદ્ધ વખતે આ પ્રદેશ મુખ્ય રણમેદાન બન્યો હતો. કેટલીક નાની-મોટી અથડામણોને બાદ કરતાં 1975 પછી અહીં કોઈ મોટું યુદ્ધ થયું નથી. ગલવાન ઘટનાના સમયે અહીં કોઈ અસર જોવા મળી નહોતી, છતાં શ્રી કપૂરનું માનીએ તો અહીં ધમધમાટ ચાલુ રહે છે. અરુણાચલના અંદરના જે રસ્તાઓ સરહદ તરફ જાય છે, તેની બંને બાજુએ ભારતીય સેનાની છાવણીઓ જોવા મળે છે. લગભગ 90 હજારથી સવા લાખ જેટલા ભારતીય સૈનિકો ત્યાં તૈનાત છે. સ્થાનિક રાજકીય આગેવાનોએ ગયા ઑગસ્ટમાં જણાવ્યું હતું કે તાક્સિંગ નજીકની સરહદેથી ચીની સૈનિકોએ અરુણાચલની હદમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે ભારત સરકારે તેને અફવા ગણાવી હતી. અગાઉ ભારત સરકાર ચીનની સરહદ નજીક માળખાકીય બાંધકામ કરવામાં ડરતી હતી. ડર એ હતો કે એ માળખાંનો લાભ ઉઠાવી ચીની દળો ભારતમાં વધુ ઊંડે સુધી અને વધુ ઝડપથી ઘૂસી આવશે. એ જૂના વલણને હવે એક મોટી ભૂલ ગણવામાં આવી રહી છે, કારણ કે કંગાળ રસ્તાઓ અથવા રસ્તાઓ, પુલો અને બ્રિજોના અભાવને કારણે ભારતના સૈનિકોની અવરજવરમાં તથા સૈનિકોને જરૂરી સામાન, શસ્ત્રો વગેરે પહોંચાડવામાં ભારતને જ તકલીફો સહન કરવી પડતી હતી. આ ઉપરાંત અરુણાચલના નાગરિકો દેશના બીજા ભાગોથી કપાયેલા અને અટુલા રહેતા હતા. સામી બાજુએ ચીને લોજિસ્ટિક્સનું પ્રચંડ નેટવર્ક બાંધ્યું છે એટલું જ નહીં, પરંતુ બેવડાં હિતો અને બેવડા ઉપયોગમાં આવે એવાં નવાં ગામો પણ બાંધ્યાં છે. આ ગામોમાં કાયમી ધોરણે ચીની સૈનિકોને વસાવવામાં આવ્યા છે અને યુદ્ધ થાય તો આ ગામો લશ્કરી વ્યવસ્થાનો ભાગ બની જાય એવી રચના કરાઈ છે. નવા રાજકીય અને આર્થિક સમીકરણોમાં ચીનને ભારતની જરૂર છે, છતાં ક્યારેક ઉંબાડિયાં કરીને બતાવે છે કે તેને ભારતની ગરજ નથી. ચીની સામ્યવાદી શાસનમાં આ નીતિ અને વલણ છે, જેનો અનુભવ ચીનમાં સામ્યવાદ રહેશે ત્યાં સુધી ભારતને થતો રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.